જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧, ૮૪૦૧૦ ૧૮૬૫૬

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : સંજય મેહરા

વિ. સં. ૨૦૭૪ । બુધવાર । તા. ૨૪-૧૦-૨૦૧૮ । વર્ષ : ૧૫ । પાના : ૦૪ । છૂટક નકલ : 3 રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છાપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

સુરતના કાપડના વેપારી સાથે ૨૮ વેપારીઓ દ્વારા કરોડોની છેતરપિંડી

કરોડોની બાકી ઉઘરાણી ફસાતા વેપારી પોલીસની શરણમાં

સુરત

કરોડો રૂપિયાનો માલ ખરીદી સુરતના વેપારીઓને ચૂનો ચોપડનાર ૨૮ વેપારી સામે સલાબતપુરા પોલીસ મથકમાં ફીરયાદ નોંધાઈ હતી.

સલાબતપુરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ આરોપી રાકેશ સીતારામ શર્મા (લદાતાર એજન્સી, સાગર શોપિંગ સેન્ટર રિંગરોડ) પુરણસિંઘ (કનક સાડી, ડીસા) આનંદ વિરેન્દ્ર સિંઘ, (શ્રીરામ ગારમેન્ટ્સ, મુંબઈ)એ સુરતના સહિત ૨૫ વેપારીઓએ વેપારી સૂમિત સત્યનારાયણ પાલોડ પાસેથી રૂપિયા ૨૯,૦૦,૯૭૨ની કિંમતની સાડી, કુર્તી, ડ્રેસ મટીરિયલ્સની ખરીદી કરી હતી. તેમજ અન્ય વેપારીઓ પાસેથી રૂા. ૧,૧૫,૬૯,૦૧૪નો માલ ખરીધ્યો હતો. મુદ્દત વિતી ગયા બાદ આરોપી વેપારીઓએ પેમેન્ટ ચૂકવવાને બદલે દુકાનો બંધ કરી દઈ ફરિયાદી સુમિત પલોડને ઉઘરાણી કરશે તો ફરિયાદી તથા તેના પરિવારને જાનથીમ ારી નાખવાની ધમકી આપી હતી.બ નાવ અંગે સલાબતપુરા પોલીસ ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

સુરતના ટેક્સટાઈલ્સ ઉદ્યોગમાં પ્રતિદિન પાર્ટી ઉઠમણાની ઘટનાઓ વચ્ચે એક વેપારી સાથે ૨૮ જેટલા વેપારીઓએ માલ ખરીદી પેમેન્ટ નહીં ચૂકવી છેતરપિંડી કરતા ચીટર વેપારીનો ભોગ બનેલા વેપારીએ આખરે પોલીસ ફરિયાદ નોંધાવતા કાપડ ઉદ્યોગમાં પાર્ટી ઉઠમણાની ચર્ચાઓએ કરી જોર પકડ્યું છે.

એમ્બ્રોઈડરી કારીગરોની સાપ્તાહિક રજાના મુદ્દે કલેક્ટર કચેરીમાં બેઠક

શ્રમ-રોજગાર કાયદાની જાણકારી માટે તા.૨૬મીએ વર્કશોપ યોજાશે

સુરત

આજ તા. ૨૨.૧૦.૨૦૧૮, સોમવાર ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે કલેક્ટર કચેરી ખાતે એમ્બ્રોઈડરી ના યુનિટો મા હાલમાં કારીગરો અને માલિકો વચ્ચે અઠવાડિક રજા ના મૂદ્દે ઉભી થયેલી મડાગાંઠ ના ઉકેલ માટે કલેક્ટર ધવલ પટેલ ના અસરકારક માર્ગદર્શન હેઠળ વિવિધ લેબર યુનિયન, એમ્બ્રોઈડરી યુનિટ ના પ્રતિનિધિઓ તથા શ્રમ તથા રોજગાર વિભાગ ના અધિકારીઓ ની બેઠક થઈ હતી. આ પ્રસંગે કલેકટર ઉપરાંત લેબર યુનિયન તરફથી SGPC ના ભૂતપૂર્વ પ્રમુખ શ્રી નૈષધભાઈ દેસાઈ, એમ્બ્રોઈડરી યુનિટ એસોસિએશન તરફથી એસોસિએશન ના પ્રમુખ દિનેશ ભાઈ અણઘણ,શ્રમ તથા રોજગાર વિભાગ તરફથી એમ. એન. ગામેતી તથા નિવૃત નાયબ નિયામક ઔધોગિક સલામતી અને સ્વાસ્થ્ય સુરત, એલ કે ડુંગરાણી તથા SGPC તરફથી માનદ્ મંત્રી યોગેશભાઈ ઘીવાળા ઉપસ્થિત રહ્યા હતા.

ભવિષ્ય માં શ્રમીકો અને ફેક્ટરી માલિકો વચ્ચે ઘર્ષણ ઘટાડવા ના પ્રયાસરૂપે એમ્બ્રોઈડરી યુનિટ ધારકો ને શ્રમ કાયદા ની જોગવાઈઓ ની જાણકારી આપવા માટે, શ્રમ તથા રોજગાર વિભાગ તરફથી તા. ૨૬.૧૦.૨૦૧૮ ના રોજ સવારે ૧૧.૦૦ થી ૧.૦૦ કલાક ના ૨ કલાક ના વર્કશોપનુ આયોજન કલેકટર કચેરી ના બીજા માળે સભાગૃહ મુકામે કરવામાં આવ્યું છે.



દિવાળીના તહેવારમાં સુરતના ડાયમંડ ઉદ્યોગમાં મંદીનો માહોલ જોવા મળી રહ્યો છે. સુરતમાં રહેતા મોટા ભાગના લોકો ડાયમંડના ઉદ્યોગ સાથે સંકળાયેલા છે. ડાયમંડ ઉદ્યોગમાં મંદીના માહોલના કારણે તહેવારની સીઝનમાં કારીગરોની હાલત કફોળી બની ગઈ છે. નાના નાના યુનિટો બંધ થઈ ગયા છે અને કેટલાક હીરાના કારીગરોને છૂટા કરવાનો સીલ સીલો શરૂ થઈ ગયો છે. થોડા દિવસ પહેલા સુરતના વરાછા વિસ્તારમાં આવેલા કિરણ જેમ્સ દ્વારા અચાનક ૩૦૦ જેટલા કારીગરોને છૂટા કરવામાં આવ્યા હતા. જયારે અમૂક કારીગરો આ બાબતને લઈ મેનેજમેન્ટમાં રજૂઆત કરવા માટે પહોંચ્યા ત્યારે કારીગરોને માર મારી બિલ્ડીંગમાંથી નીચે ફેંકી મારી નાંખવાની ધમકી આપવામાં આવી હતી. આવી જ રીતે અન્ય યુનિટોનાં માલિકો પણ કારોગારોનું શોષણ કરતા હોવાના કારણે કારીગરોએ કંટાળીને આવા યુનિટ ધારકો સામે ધરણા કરી પોતાનો રોષ વ્યક્ત કર્યો હતો.

બાળકી પર દુષ્કર્મ કર્યા બાદ હત્યા પ્રકરણમાં

રેલીનું આયોજન કરી હુમલો કરવા અંગે છ સામે પોલીસ ફરિયાદ દાખલ

ઉશ્કેરાયેલા સ્થાનિક લોકોએ રેલી કાઢતા તોડફોડ અને મારા મારી કરાઈ હતી

સુરત

લીંબાયત-ગોડાદરા ખાતે સાડા ત્રણ વર્ષની માસૂમ બાળાની હત્યાના મામલે રેલીનું એક આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલી દરમિયાન રેલીના આયોજક રાહુલ સોરતે ને માર-મારવામાં આવ્યો હતો. આ બનાવમાં લીંબાયત પોલીસે ૬ ઈસમો સામે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

મહારાષ્ટ્રના નાગપુર જિલ્લાના ઉમરેઠ તાલુકાના વતની અને હાલમાં રાહુલે સોરતે લીંબાયત રત્ન પ્રભા સોસાયટી ખાતે રહે છે તેમના લીંબાયત-ગોડાદરા વિસ્તાર ખાતે સાડા ત્રણ વર્ષની માસૂમ છોકરી સાથે બળાત્કાર ગુજારી તેણીની ઘાતકી હત્યા કરી નાંખવામાં આવી હતી. આ બનાવનો વિરોધ કરતી એક વિશાળ રેલી લીંબાયત વિસ્તારમાંથી કાઢવામાં આવી હતી. આ રેલી દરમિયાન શ્રીજી નગરની ગલીમાં અજાણ્યા ઈસમો અને રેલીના કાર્યકર્તાઓ વચ્ચે જીભાજોડી થઈ હતી. આ દરમિયાન રાહુલ તેઓની વચ્ચે સમાધાન કરાવવા ગયા ત્યારે અજાણ્યા છ ઈસમોએ લાકડાના ફટકા રાહુલ તથા રેલીમાં જોડાયેલા લોકો પર હુમલો કરી શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડી ફરાર થઈ ગયા હતા. લીંબાયત પોલીસે રેલીના આયોજકની ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી છે.

ડભારીના દરિયા પાસે ઈજાગ્રસ્ત હાલતમાં મળેલી કિશોરી સાથેના યુવાનની પૂછપરછ

સુરત

ઓલપાડમાં ડભોરીના દરિયા કાંઠે પરવત પાટિયાની ૧૩ વર્ષિય કિશોરી ગંભીર ઈજાગ્રસ્ત હાલતમાં મળી આવ્યાની ઘટનામાં ઓલપાડ પોલીસે ઝીણવટભરી તપાસ હાથ ધરી છે ઓલપાડ પોલીસ મથકના અધિકારી રાઠોડના જણાવ્યા મુજબ શકાસ્પદ ગણાતા આ પ્રકરણમાં હાલ તબીબી તપાસમાં કિશોરી ઉપર બળાત્કાર થયાંની પૃષ્ટિ મળી નથી, પરંતુ જે પરિસ્થિતિમાં કિશોરી મળી આવતાં સ્થળ ઉપર તપાસ શરૂ કરવામાંઅ ાવી છે અને ઘટના સ્થળે મળેલા લોહી સહિતની ચીજ-વસ્તુના નમૂના મેળવી એફએસએલમાં મોકલવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

જાણકાર સૂત્રોના જણાવ્યા મુજબ પરવટ પાટિયા વિસતારની આ કિશોરી સીમતિની શાળામાં ધો ૮માં અભ્યાસ કરતી કિશોરી મહોલ્લામાં જ રહેતા એક યુવક સાથે ડભારી દરિયા કાંઠે ફરવા ગઈ હતી. જયાં ગંભીર ઈજાગ્રસ્ત હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાઈ હતી. તયારબાદ યુનિટિ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જયાં આ કિશોરીની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. આ ઘટના સંદર્ભે ઓલપાડ પોલીસે અકસ્માતની ઘટનાની નોંધ કરી હતી. પરંતુ પીરવાર દ્વારા ગંભીર આક્ષેપો કરતાં ઓલપાડ પોલીસ દોડતી થઈ ગઈ હતી. હાલ ઓલપાડ પોલીસે આ કિશોરી સાથે ડભોરી દરિયા કાંઠે જનાર યુવકની પૂછપરછ હાથ ધરી છે. તેમજ ઘટના સ્થળે પણ ઉચ્ચ પોલીસ તપાસ અધિકારીઓની હાજરીમાં ઓલપાડ પીઆઈ રાઠોડે તપાસ હાથ ધરી છે.

બિલ્ડિંગ નજીક બેસવાની ના પાડી યુવક પર ચપ્પુથી કરાયેલો હુમલો

સુરત

કોસાડ આવાસ ખાતેની એક બિલ્ડિંગની સામે બેસવાની ના પાડી ઉશ્કેરાયેલા બે આરોપીઓએ ચાકુ વડે હુમલો કરી શરીરે ઈજાઓ પહોંચાડી ફરાર થઈ ગયા હોવાનો બનાવ અમરોલી પોલીસ મથકે નોંધાયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મૂળ ધુલીયા જિલ્લાના સિંહખેડા ગામના વતની અને હાલમાં અમરોલી કોસાડ આવાસની એક બિલ્ડિંગમાં રહેતા મહેન્દ્ર શિવાજી કોળી ગતરોજ સાંજના ૬:૩૦ કલાક એસએમસી આવાસ બિલ્ડિંગ નંબર-૭૨ પાસે બેસવા ગયો હતો ત્યારે અમજદઅલી લીયાકાત અલી અને શાકીર અલી લીયાકાત અલી નામના બંને સગભાઈઓએ તેને તેમની બિલ્ડિંગની સામે બેસવાની ના પાડી પોતાની પાસે રાખેલુ ચપ્પુ બહાર કાઢી તેમના પર હુમલો કરી શરીરે લ્ઈજાઓ પહોંચાડી ફરાર થઈ ગયા હતા. અમરોલી પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

વરાછા ચીકુવાડી અને પરવત પાટિયા પાસે ગેસ લાઈન લીકેજ થતા દોડધામ

બે જુદા જુદા સ્થળોએ ગેસ પાઈપ લાઈનમાં લીકેજની ઘટના

સુરત, તા. ૨૩

આજે સવારે પરવત પાટિયા પાસે મોર્ડન ટાઉન પાર્ક અને વરાછા ચીકુવાડી પાસે કલ્યાણ કુટીર સોસાયટીમાં ગેસ લાઈન લીકેજ થતા દોડાદોડી મચી ગઈ હતી.

ફાયર વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે સવારે સવાર આઠ વાગ્યાના સુમારે પરવત પાટિયા લેન્ડમાર્ક પાછળ મોર્ડન ટાઉન પાર્કમાં ગેસ લાઈન લીકેજ થતા સોસાયટીના લોકો ભયભીત થઈ ફાયર વિભાગને જાણ કરી હતી. ફાયર સ્ટાફ અને ગેસ કંપનીનો સ્ટાફ ઘટના સ્થળે પહોંચી ગેસ સપ્લાય બંધ કરાવ્યો હતો.

બીજી ઘટના સવારે સવા દસ વાગ્યાના સુમારે વરાછા ચીકુવાડી કલ્યાણ કુટીર ખાતે બની હતી. અચાનક ગેસ લાઈનમાં લીકેજ થતા અવાજથી લોકો ભેગા થઈ ફાયર વિભાગ અને ગેસ કંપનીને જાણ કરવામાં આવી હતી. ગેસ લીકેજની બન્ને ઘટના અંગે કોઈપણ પ્રકારની જાનહાનિ કે ઈજા થઈ નથી માત્ર ગેસ લાઈનમાંથી લીકેજ થતો હતો જેને ગેસ કંપનીના સ્ટાફ દ્વારા રીપેર કરવામાં આવ્યો હતો ગેસ લીકેજથી સ્થાનિક લોકો ભયભીત થયા.

સુરતના વેપારીએ વેચેલા માલના રૂપિયાણી ઉઘરાણી કરતા ધમકી

રૂા. ૪.૧૩ લાખની ઠગાઈ અંગે સીકરના વેપારી વિરુદ્ધ ફરિયાદ

સુરત

રિંગરોડ તીરૂપતિ માર્કેટના વેપારી પાસેથી રૂા. ૯.૬૧ લાખની કિંમતનો ડ્રેસ મટીરિયલ્સનો માલ ખરીદી બાકી રૂપિયા ૪.૧૩ લાખની ચૂકવણી કરવાને બદલે ધમકી આવનાર વેપારી સામે પોલીસ ફરિયાદ થઈ હતી.

સલાબતપુરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ પર્વત પાટિયા અક્ષર ટાઉનશિપમાં રહેતા અંકિત સુશીલકુમાર અગ્રવાલે આરોપી નવીન પરીખ (સાંવર ટેક્ટાઈલ એજન્સી, સીકર) વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપીએ ફરિયાદી પાસેથી રૂા. ૯,૬૧,૬૮૪ની કિંમતનો ડ્રેસ મટીરિયલ્સનો માલ ખરીદ કર્યો હતો. જે પૈકી બાકી રૂપિયા ૪,૧૩,૧૨૪ની વેપારીએ ઉઘરાણી કરતા આરોપી નવીન પરીખે ફરિયાદ અંકિત અગ્રવાલને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. સલાબતપુરા પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

વરાછા ચોપાટી તાપી નદીના તટેથી પુરુષની લાશ મળી આવી

અજાણી લાશનો કબજો ફાયર બ્રિગેડે પોલીસને સોંપ્યો

સુરત

વરાછા ચોપાટી પાસે મહારાણા પ્રતાપ ગાર્ડનની પાછળ તાપી નદીમાંથી અજાણ્યા પુરુષની લાશ મળી આવી હતી. બનાવની જાણ થતા જ ફાયરની ટીમે પાણીમાંથી લાશને બહા કાઢીને કાપોદ્રા પોલીસે કબજો સોંપ્યો હતો. ફાયર વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ વરાછા ચોપાટી મહારાણા પ્રતાપ ગાર્ડન પાસે તાપી નદીમાંથી એક અજાણ્યો પુરુષ ઉંમર આશરે ૪૫ વર્ષની લાશ મળી આવી હતી. ફાયર સ્ટાફે તાપી નદી કિનારે પાણીમાંથી લાશને બહાર કાઢીને કાપોદ્રા પોલીસને કબજો સોંપ્યો છે. કાપોદ્રા પોલીસે અજાણ્યા વ્યકિતની લાશનો કબજો લઈ તેની ઓળખ થાય તે પ્રમાણે કાર્યવાહી હાથ ધરી છે. હજી સુધી મૃતક વ્યકિતની ઓળખ થઈ નથી.

ડીંડોલીમાં જમીન દલાલ પર ચપ્પુ વડે હુમલો

સુરત - ડીંડોલી રામાયણ પાર્ક પાસે એક જમીન દલાલ પર ચાકુ વડે હુમલો કરી ૩ ઈસમો ફરાર થઈ ગયા હોવાનો ડીંડોલી પોલીસ મથકે નોંધાયો હતો. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મૂળ મહારાષ્ટ્રના વતની અન હાલમાં ડીંડોલી સાણિયા ગામ શ્રી હરિ બંગ્લોઝ ખાતે રહેતા હેમંત પાટીલ ગતરોજ રાત્રે સાડા દસેક વાગ્યાના સુમારે શિવસાંઈ પાનના ગલ્લા સામે આવેલા રામાણ પાર્ક પાસે બેઠો હતો ત્યારે ઉમેશને આપેલા ઉછીના રૂા. ૧૨ હજારની બાબતે બોલાચાલી થતા ઉમેશ પરડે, આશિફભાઈ તથા અજજુભાઈ નામના ત્રણ ઈસમોએ ચપ્પુ વડે હુમલો કરી શરીરના ભાગે ઈજાઓ પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપી ફરાર થઈ ગયા હતા. ડીંડોલી પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.



સુરતના ગોડાદરા વિસ્તારના આસપાસનગરમાં બનેલ માસુમ બાળા પર બળાત્કારની ઘૃણાસ્પદ ઘટનાને લઈને પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિતભાઈ ચાવડાએ ગોડાદરા વિસ્તારમાં જઈને પીડિતાના પરિવારજનોની મુલાકાત લઈને તેમને સાંત્વના પાઠવી હતી અને આ ઘટનામાં સંડોવાયેલા આરોપીને કડકમાં કડક સજા મળે તેવી સરકાર સમક્ષ માંગ કરી હતી.

બોટાદની બ્રાન્ચ કેનાલમાંથી રાણપુરના ખસ ગામનાં તળાવમાં પાણી ભરવા ખેડુતોની માગ

તંત્ર દ્વારા તળાવ ભરાય તો ૨૫૦ ખેડુતો અને ૨૦૦૦ પશુઓ લાભ લઈ શકે

બોટાદ જીલ્લાના રાણપુર તાલુકાના ખસ ગામના ખેડુતો દ્વારા આજે ગામની જીવાદોરી સમાન ખસ ગામના તળાવમાં બોટાદ બ્રાન્ચ કેનાલમાંથી પાણી આપવાની માંગ સાથે આશરે ૪૦૦ થી ૫૦૦ ની સંખ્યામાં ખેડુતો કલેક્ટર કચેરી ખાતે એકઠા થઈ પાણી આપવા માંગ કરતુ એક આવેદનપત્ર સનાભાઈ પરમાર કેશુભાઈ જીજીભાઈ લીંબોલાની આગેવાનીમાં આપવામાં આવ્યુ હતુ.

ખસ ગામના તળાવમાંથી બોટાદ બ્રાન્ચ મેઈન કેનાલ પસાર થાય છે અને આ ગામની આશરે પાંચ થી છ હજાર ની વસ્તી છે તેમજ આ ગામના ખેડુતો એ ૧૨૦૦ થી ૧૫૦૦ વિઘા જમીન સરકારને આપવામાં આવેલ છે છતા પણ નર્મદાનાં અધિકારીઓ દ્વારા અન્ય ગામના આગેવાનોની સાથે સાંઠગાંઠ રાખી વધુ પ્રમાણમાં પાણી આપી રસ્તા અને પથ્થરની ખાણોમાં પાણી વેડફી નાખવામાં આવે છે જ્યારે ખસ ગામની જીવાદોરી સમાન આ તળાવમાં પાણી આપવામાં આવતુ નથી બોટાદ બ્રાન્ચ કેનાલનાં ખસ ગામના ચોસઠ નંબરનાં ગેઈટની બાજુમાં માઈનોર કેનાલ ગેઈટ નં.૪ માં પાણી આપવાથી ખસ ગામના ૨૦૦ થી ૨૫૦ ખેડુતો અને બે હજાર થી વધુ પશુઓનુ હીત સચવાય તેમ છે તેથી ખસ ગામનુ તળાવ ભરવામાં આવે અને અમારે સામુહીક આત્મવિલોપન કરવા તરફ ન જવુ પડે તેવિ વિનંતી અને ઉપરોક્ત મુજબના આક્ષેપ સાથે ખસ ગામનાં સરપંચ સનાભાઈ પરમાર તથા ખેડુતો આગેવાને કેશુભાઈ લીંબોલાની આગેવાનીમાં કલેક્ટરને લેખિત આવેદનપત્ર પાઠવેલ છે તેમજ કલેક્ટર દ્વારા આ બાબતે આજે બપોરના સમયે નર્મદાનાં અધિકારીઓની બેઠક યોજી યોગ્ય ન્યાય આપવાની ખાત્રી આપી છે.

મોરબીના કંડલા બાયપાસ નજીક પ્લાસ્ટિક ફેકટરીમાં આગ

૧૦૮ માં આગની ઘટનાની જાણ કરી હોવા છતાં બેદરકારી દાખવાઈ





મોરબી નજીક આવેલી પ્લાસ્ટીકની ફેકટરીમાં વહેલી સવારે કોઈ કારણોસર આગ ભભૂકી ઉઠી હતી અને ફાયરની ટીમે સ્થળ પર પહોંચીને પાણીનો મારો ચલાવીને આગ પર કાબુ મેળવ્યો હતો

મોરબીના કંડલા હાઈવે પર આગેલ ઓસીસ સિરામિક સામેની બહુચર પ્લાસ્ટિક નામની ફેકટરીમાં સવારના સુમારે આગ લાગ્યાની જાણ થતા ફાયરની ટીમના વિનયભાઈ ભટ્ટ, કિશનભાઈ ભટ્ટ, ડી ડી જાહેજા સહિતની ફાયરની ટીમ દોડી ગઈ હતી અને આગ પર કાબુ મેળવ્યો હતો આગ ક્યાં કારણોસર લાગી તે જાણી સકાયું નથી તો આગને પગલે કોઈ જાનહાની ના થતા તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો અને કલાકથી વધુ સમય સુધી પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી લેવામાં સફળતા મળી છે

તો આગની ઘટના અંગે ફેક્ટરી માલિકે ૧૦૮ ટીમને જાણ કરી હતી પરંતુ ૧૦૮ ટીમે બેદરકારી દાખવી હોય અને ફાયર ટીમને મોડી જાણ થઈ હોવાનું પણ સુત્રોમાંથી જાણવા મળી રહ્યું છે

ડર્બનમાં આયોજિત આંતરરાષ્ટ્રીય કોમન વેલ્થજ કરાટેમાં સુરતની કુ. શીતલ કુલકર્ણીની પસંદગી

૧૦ વર્ષની શીતલ કોમન વેલ્થ કરાટે સ્પર્ધામાં નેશનલ ટીમ સાથે ભારતનું પ્રતિનિધિત્વ કરશે

સુરત

આગામી તા. ૨૯/૧૧/૨૦૧૮ થી ૦૨/૧૨/૨૦૧૮ના રોજ ઓલિવ કન્વેનશન સેન્ટર, ડર્બન, સાઉથ આફ્રિકા ખાતે ૯મી કોમન વેલ્થ કરાટે સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. આ સ્પર્ધામાં ન્યૂ મોડેલ સ્કૂલ, ભાઠેના, ઉધના, સુરતની એક માત્ર વિદ્યાર્થિની કુલકર્ણી શીતલ વિનોદ પસંદગી પામી છે અને ભારત દેશનું કરાટેની નેશનલ ટીમ સાથે પ્રતિનિધિત્વ કરશે. જે ગુજરાત રાજ્ય અને સુરત શહેર માટે ખૂબ જ ગૌરવની બાબત છે. કુલકર્ણી શીતલ જેણે કરાટે એસોસિયેશન ઓફ ઈન્ડિયાની નેશનલ સ્પર્ધા એપ્રિલ ૨૦૧૮માં પસંદગી પામી કાંસ્ય પદક જીત્યો છે જેના સંદર્ભે આંતરરાષ્ટ્રીય કક્ષા માટે પસંદગી પામી છે.

કુ. શીતલ કુલકર્ણી હાલમાં ન્યૂ મોડેલ શાળાના કોચ શ્રી કૃષ્ણાલ સુરતી પાસે તાલીમ મેળવી રહી છે. ભારત દેશ માટે આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં મેડલ પ્રાપ્ત કરે છે અને દેશનું નામ રોશન કરે એવું શાળા પરિવાર, ટ્રસ્ટીગણ, વર્લ્ડટ્રેડીશનલ શોટોકાન કરાટે ફેડરેશન ગુજરાતના પ્રેસિડન્ટ શિહાન જીતેન્દ્ર સુરતી, કરાટે-ડો ફેડરેશન ગુજરાતના પ્રેસિડન્ટ શિહાન વિજય ભટ્ટ અને જનરલ સેક્રેટરી શિહાન કલ્પેશ મકવાણા તરફથી વિદ્યાર્થિનીને પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું છે અને ભારત દેશ માટે મેડલ પ્રાપ્ત કરે તેવી શુભકામના પાઠવેલ છે.

ઓનલાઈન ફટાકડા વેચાણ પર પ્રતિબંધ લગાવતી સુપ્રીમ કોર્ટ

રાત્રે ૮થી ૧૦માં જ ફોડી શકાશે ફટાકડા : સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટે ફટાકડાના વેચાણ પર પૂરી રીતે પ્રતિબંધ લગાવવાનો સ્પષ્ટ ઈન્કાર કરી દીધો છે. જોકે સુપ્રીમે કેટલીક શરતો મુકી છે. સુપ્રીમ કોર્ટે પોતાના નિર્ણયમાં જણાવ્યુ કે, ફટાકડાનુ ઓનલાઈન વેચાણ ન કરી શકાય. કોર્ટે ઈ-કોમર્સ પોર્ટલ્સને ફટાકડા વેચવાની ના પાડી દીધી છે. દેશની સર્વોચ્ચ કોર્ટે ફટાકડા વેચાણ અને ફોડવા મુદ્દે આજે મહત્વનો ચુકાદો આપ્યો હતો. કોર્ટે ફટાકડાના વેચાણ પર પૂરી રીતે પ્રતિબંધ મુકવાનો ઈન્કાર કરી દીધો છે. સાથે જ જણાવ્યુ છે કે લાઈસન્સવાળા વેપારી માત્ર ઓછુ પ્રદૂષણ ફેલાવતા ફટાકડા જ વેચી શકશે.

સુપ્રીમ કોર્ટે ઓનલાઈન ફટાકડાના વેચાણ પર રોક લગાવી દીધી છે.તહેવારો અને પ્રસંગો વખતે ફટાકડા ફોડવા માટે સુપ્રીમ કોર્ટે ચોક્કસ સમય નક્કી કર્યો છે. દિવાળીમાં ફટાકડા ફોડવાનો સમય માત્ર બે કલાક જ રહેશે. સુપ્રીમના જણાવ્યા મુજબ દિવાળીમાં રાત્રે ૮થી ૧૦ વાગ્યા સુધી ફટાકડા ફોડી શકાશે. જ્યારે ન્યુયર સેલિબ્રેશન અને ક્રિસમસ વખતે ફટાકડા ફોડવાનો સમય રાત્રે ૧૧:૪૫ વાગ્યાથી મધરાત્ર ૧૨:૪૫ વાગ્યાનો રહેશે. સુપ્રીમ કોર્ટે પર્યાવરણને ઓછુ નુકશાન પહોંચાડે તેવા ફટાકડાના વેચાણને મંજુરી આપી છે, જેથી દેશભરમાં ફટાકડાના વેચાણમાં ઘટાડો આવવાની શક્યતા છે. સુપ્રીમના આ નિર્ણયના કારણે ફટાકડા વેપારીઓમાં ચિંતાનુ મોજુ ફરી વળ્યુ છે. આ પહેલા મામલામાં ૨૮ ઓગસ્ટે જસ્ટિસ એકે સીકરી અને અશોક ભૂષણની પીઠે પોતાનો નિર્ણય સુરક્ષિત રાખ્યો હતો. ત્યારે સુનાવણી દરમિયાન તમિલનાડુ સરકાર, ફટાકડા વિક્રેતાઓ અને ઉત્પાદકોએ કહ્યું હતું કે ઠંડીના મહિનામાં પ્રદુષણ ઘણા કારણોથી થાય છે. કોઈ ચોક્કસ અભ્યાસ વગર ફટાકડાને જવાબદાર ગણાવવા તે ખોટુ છે અને ફટાકડાની ગુણવત્તા સુધારવા પર કામ થવું જોઈએ.

સરકારી કચેરીની આસપાસ ધરણા અને ઉપવાસ-ઘેરાવ કરવા પર પ્રતિબંધ

અધિક મેજીસ્ટ્રેટ કે.જે. રાઠોડ પ્રસિદ્ધ કરેલુ જાહેરનામું

નવસારી

ગુજરાત રાજયમાં ઠેર ઠેર ગેરકાયદેસર મંડળી રચી ધરણા/ઉપવાસ પર બિન પરવાનગીથી બેસવાની દુર્ઘટનાઓ વારંવાર બનવા પામી છે. નવસારી જિલ્લામાં પણ નાગરિકો પોતાની માંગણી, રજૂઆત તરફ ધ્યાન ખેંચવા માટે અથવા તો ચોકકસ ઈરાદાથી જિલ્લા સેવા સદનના પ્રાંગણ અને પ્રાંગણને અડીને પસાર થતા સંકળાયેલ મુખ્ય રોડ ઉપર પ્રતિક ઉપવાસ, આમરણાંત ઉપવાસ અને ભુખ હડતાલનું ઓચિંતુ અને મનસ્વી આયોજન કરી કચેરીમાં તેમજ જાહેરમાર્ગે પર બાધા સર્જે છે. જેના પરિણામે કચેરીમાં આવતા અરજદારો અને સામાન્ય જનતા માટે દુવિધા સર્જાય છે. નવસારી જિલ્લામાં જાહેર સુલેહશાંતિ અને સલામતિને હાનિ ન પહોંચે અને લોકોમાં સંવાદિતા જળવાય તે હેતુસર અધિક મેજીસ્ટ્રેટ શ્રી કે.જે.રાઠોડે એક જાહેરનામા ધ્વારા મળેલી સત્તાની રૂએ નવસારી કલેકટર અને મેજીસ્ટ્રેટની કચેરી, નવસારી જિલ્લા પંચાયત અને અન્ય સરકારશ્રીની વિવિધ વિભાગની કચેરી, પોલીસ અધિક્ષકશ્રી, તાલુકા મામલતદારશ્રીની કચેરી, તાલુકા વિકાસ અધિકારીશ્રીની કચેરી, પોલીસ સ્ટેશનના કંપાઉન્ડ તેમજ કંપાઉન્ડ બહારની ૨૦૦ મીટરની ત્રિજયાના હદ વિસ્તારમાં પ્રતિક ઉપવાસ, આમરણાંત ઉપવાસ અને ધરણા/ભુખ હડતાલ ઉપર બેસવા કે ચાર કરતા વધુ માણસો ભેગા થાવ સભા/સરઘસ કરવા પર તાત્કાલિક અસરથી આગામી તા.૦૧/૧૧/૨૦૧૮ ના ૨૪ કલાક સુધી પ્રતિબંધ ફરમાવ્યો છે. આ હુકમના અનાદર બદલ ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.



ભાજપ સરકારની નિષ્ફળતા અને કોંગ્રેસની યુપીએ સરકારની સિદ્ધિઓના ઘરે ઘરે પ્રચાર અર્થે સુરત જિલ્લા કોંગ્રેસ દ્વાર વરાછા વિસ્તારમાં ડોર ટુ ડોર જનસંપર્ક યાત્રા યોજવામાં આવી હતી. કોંગ્રેસની જનસંપર્ક યાત્રામાં સુરત શહેર કોંગ્રેસ પ્રમુખ બાબુભાઈ રાયકા, મનપા કોંગ્રેસ પક્ષ નેતા પપન તોગડિયા, વિવિધ કોંગ્રેસના આગેવાનો, કોર્પોરેટરો અને કાર્યકરો મોટી સંખ્યામાં જોડાયા હતા.

અસ્થાનાને હાલમાં કામચલાઉ રાહત મળતા વર્તુળોમાં ચર્ચાઓ

અસ્થાનાને રાહત : ૨૯મી સુધી ધરપકડ નહીં કરવા માટે આદેશ

આ મામલામાં યથાસ્થિતિ જાળવી રાખવા માટેનો દિલ્હી હાઈકોર્ટનો આદેશ અસ્થાનાના મોબાઈલ અને લેપટોપ સહિતના સાધનોને જપ્ત કરવાનો આદેશ

નવીદિલ્હી

સીબીઆઈ ડિરેક્ટર આલોક વર્મા અને સ્પેશિયલ ડિરેક્ટર રાકેશ અસ્થાનાના મામલામાં હાઈકોર્ટે અસ્થાનાને હાલમાં વચગાળાની રાહત આપી છે. હાઈકોર્ટે મામલાની આગામી સુનાવણી માટે ૨૯મી ઓક્ટોબરની તારીખ નક્કી કરી છે. કોર્ટે કહ્યું છે કે, ૨૯મી ઓક્ટોબરના દિવસે સીબીઆઈ ડિરેક્ટર દ્વારા રાકેશ અસ્થાના ઉપર મુકવામાં આવેલા આક્ષેપોનો જવાબ આપવામાં આવશે. કોર્ટ એ વખતે જ આ મામલામાં કોઈ નિર્ણય કરી શકશે. ૨૯મી ઓક્ટોબર સુધી હવે અસ્થાનાની ધરપકડ થઈ શકશે નહીં. હાલમાં યથાસ્થિતિ જાળવી રાખવાનો આદેશ કર્યો છે. કોર્ટે તે વખત સુધી આરોપીના મોબાઈલ અને લેપટોપ સહિત તમામ ઈલેક્ટ્રોનિક સાધનોને જપ્ત કરવાનો આદેશ કર્યો છે. આ પહેલા સીબીઆઈના વકીલે કોર્ટમાં કહ્યું હતું કે, આરોપીની સામે લાંચ લેવા સહિત અનેક ગંભીર મામલા રહેલા છે. અપરાધિક કાવતરાની સાથે સાથે ભ્રષ્ટાચારના મામલા પણ છે. બીજી બાજુ રાકેશ અસ્થાનાના વકીલે કોર્ટમાં અસ્થાનાની સામે દાખલ કરવામાં આવેલી એફઆઈઆરને રદ કરવાની માંગ કરી હતી.

કોર્ટે અસ્થાનાની અરજીને ફગાવી દીધી છે. લાંચના મામલામાં અસ્થાનાએ હાઈકોર્ટથી પોતાની સામે કોઈ બળપૂર્વક કાર્યવાહી નહીં કરવાના નિર્દેશ જારી કરવાની પણ માંગ કરવામાં આવી હતી. સીબીઆઈએ રાકેશ અસ્થાનાની લાંચમાં સંડોવણીના સંદર્ભમાં એજન્સીના ડીએસપી દેવેન્દ્ર કુમારને દિલ્હીની કોર્ટમાં રજૂ કર્યા હતા. ડીએસપી દેવેન્દ્રકુમારની ૧૦ દિવસના રિમાન્ડની માંગ કરી છે. આના ઉપર દેવેન્દ્ર કુમારના વકીલે દિલ્હીની પટિયાલા હાઉસ કોર્ટમાં જામીન માટે અરજી કરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સીબીઆઈએ ડીએસપી દેવેન્દ્રકુમારની ગઈકાલે ધરપકડ કરી લીધી હતી. અધિકારીઓએ કહ્યું છે કે સ્પેશિયલ ડિરેક્ટર રાકેશ અસ્થાનાની સામે લાંચ રૂશ્વતના મામલામાં તેમની ધરપકડ કરવામાં આવી હતી. સીબીઆઈ ભ્રષ્ટાચાર મામલામાં ડીએસપી દેવેન્દ્રકુમારની ધરપકડ કરવામાં આવતા આ કેસમાં એક નવો વળાંક આવ્યો છે. રવિવારના દિવસે તપાસ સંસ્થાએ પોતાના બે નંબરના અધિકારી સ્પેશિયલ ડિરેક્ટર રાકેશ અસ્થાનાની સામે એફઆઈઆર દાખલ કરી હતી. સીબીઆઈએ અસ્થાનાની સાથે પોતાની એસઆઈટીના ડેપ્યુટી એસપી ઉપરાંત કેટલાકની સામે ભ્રષ્ટાચારની જુદી જુદી કલમો હેઠળ કેસ દાખલ કર્યો હતો.

પેટીએમના માલિકને બ્લેકમેલ કરી ૨૦ કરોડની ખંડણી માંગી

નવી દિલ્હી

પેટીએમના માલિક વિજય શેખર શર્માનો પર્સનલ ડેટા ચોરી કરીને ૨૦ કરોડ રુપિયાની ખંડણી માંગવાનો કેસ સામે આવ્યો છે. વિજય શર્માનો પર્સનલ ડેટા કંપનીના ત્રણ કર્મચારીઓ દ્વારા ચોરવામાં આવ્યો અને ત્યારબાદ તેમને બ્લેકમેલ કરવામાં આવ્યા. આ મામલે નોયડા સેક્ટર-૨૦માં પોલીસ ફરીયાદ દાખલ થયા બાદ પોલીસે તપાસ હાથ ધરીને ત્રણેય કર્મચારીઓની ધરપકડ કરી લીધી. જેમાં એક મહિલાનો પણ સમાવેશ થાય છે, જે



વિજયની સેક્રેટરી હોવાનુ સામે આવ્યુ છે. નોયડાના એસએસપી અજય પાલ શર્માના જણાવ્યા મુજબ વિજય શર્માએ તેમને ફરીયાદ કરી હતી કે કોઈ તેને બ્લેકમેલ કરી રહ્યુ છે. વિજય શર્માએ જણાવ્યુ કે, ૨૦ સપ્ટેમ્બરે જ્યારે તે જાપાનમાં હતા, તે જ સમયે તેમની પાસે થાઈલેન્ડના એક નંબર પરથી બ્લેકમેલરનો ફોન આવ્યો. તે બ્લેકમેલરે દાવો કર્યો કે તેની પાસે વિજય શર્માનો ખાનગી ડેટા છે. આની અવેજમાં બ્લેકમેલરે ૨૦ કરોડ રુપિયાની માંગણી કરી. સાથે જ કહ્યુ કે, જો તેને પૈસા નહીં આપવામાં આવે તો તે પર્સનલ ડેટા જાહેર કરી દેશે, જેનાથી વિજય શેખરની ઈમેજ ખરડાઈ જશે. બ્લેકમેલરે કહ્યુ કે તેની પાસે આ ડેટા કંપનીના જ એડમિન ડિપાર્ટમેન્ટમાં કામ કરનાર રાહુલ અને દેવેન્દ્ર પાસેથી મળ્યો છે. આ બન્ને કર્મચારીઓને વિજય શર્માનો પર્સનલ ડેટા કંપનીમાં સેક્રેટરી તરીકે કામ કરતી સોનિયા પાસેથી મળ્યો હતો.

સરદાર પટેલ જેવા મહામાનવને જોવા ઈટલીના ચશ્મા અને નેહરુની નજર કામ ન આવેઃ જીતુ વાઘાણી

ગુજરાતનો વિકાસ રૂંધાય એટલે કોંગ્રેસ નર્મદા ડેમનો વિરોધ કરે છે : જીતુ વાઘાણી



ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ જીતુ વાઘાણી, મહામંત્રી ભીખુ દલસાણીયા અને ભરતસિંહ પરમાર સહિત અનેક મહાનુભવોએ કેવડિયા સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લીધી, જીતુ વાઘાણીએ કોંગ્રેસ પર સરદાર પટેલને હાંસિયામાં ધકેલવાનો ગંભીર આક્ષેપ લગાવ્યો

સરદાર પટેલની દીકરીને કોંગ્રેસે હરાવી હતી, સરદાર પટેલને પીએમ ન બનાવ્યા-ભારત રત્ન પણ ન આપ્યો

રાજપીપળાઃ ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ડ્રિમ પ્રોજેકટ વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સરદાર પટેલની પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી હાલ તૈયાર થઈ ચૂકી છે.આગામી ૩૧મી ઓક્ટોબરે પીએમ મોદી સ્ટેચ્યુ ઓફ યુનિટીના લોકાર્પણ માટે આવનાર હોવાથી તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ કરાઈ રહી છે.હાલ કેવડિયા સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાતે ગુજરાતના મુખ્યમંત્રી સહિત અનેક મંત્રીઓ અવાર નવાર આવી રહ્યા છે.ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ જીતુ વાઘાણી, સંગઠન મહામંત્રી ભીખુ દલસાણીયા, ભરતસિંહ પરમાર, પૂર્વ વનમંત્રી શબ્દશરણ તડવી સહિત મહાનુભોએ કેવડિા સ્ટેયુ ઓફ યુનિટીની મુલાકાત લઈ વિગતવાર માહિતી મેળવી હતી.પોતાની આ મુલાકાત દરમિયાન જીતુ વાઘાણીએ કોંગ્રેસ પર ગંભીર આક્ષેપ લગાવ્યા હતા.

જીતુ વાઘાણીએ જણાવ્યું હતું કે સરદાર પટેલ જેવા મહામાનવને જોવા-સમજવા ઈટલીના ચશ્મા અને નેહરુની નજર કામ ન આવે એના માટે મહાત્મા ગાંધીના ચશ્મા અને નરેન્દ્ર મોદીની નજર જોઈએ.ગુજરાતનો વિકાસ રૂંધાય એટલે કોંગ્રેસ નર્મદા ડેમનો વિરોધ કરે છે.સરદાર પટેલની દીકરીને કોંગ્રેસે હરાવી હતી, સરદાર પટેલને પીએમ ન બનાવ્યા-ભારત રત્ન પણ આપ્યો નથી. સરદાર પટેલના નામથી જ કોંગ્રેસને એલર્જી છે કોંગ્રેસે સરદાર પટેલને હાંસિયામાં ધકેલ્યા છે. દુનિયાની સૌથી મોટી સેલિબ્રિટી નરેન્દ્ર મોદી સ્ટેચ્યુ ઓફ યુનિટીનું લોકાર્પણ કરશે, કેવડિયા દુનિયાનું ટુરિઝમ હબ બનશે

ઓફ યુનિટીનનું લોકાર્પણ કરશે અને કેવડિયા દુનિયાનું ટુરિઝમ હબ બનશે. હાલ કેટલાયે લોકો આદિવાસીઓને છેતરવા નીકળ્યા છે,કોંગ્રેસ સ્ટેચ્યુ ઓફ યુનિટીનો વિરોધ કરાવી પોતાનો રાજકીય રોટલો શેકે છે, આદિવાસીઓનું ભવિષ્ય રૂંધવાનો આ પ્રયાસ છે.પણ આદિવાસી સમાજ હમેશા સત્યના માર્ગે ચાલનારી પ્રજા છે એ ખોટી વાતોમાં દોરાવાની નથી એવો મને વિશ્વાસ છે. નર્મદા યોજનાના અસરગ્રસ્તોની પૂરેપૂરી ૨૭ માંગણીઓ પર સરકારે સંવેદનાથી નિર્ણય લીધો છે.



ડેંગ્યુ અને મેલેરિયા જેવા રોગોએ ભરડામાં લીધા હોવાના આક્ષેપો સાથે

ભરૂચ નગરપાલિકામાં વિપક્ષનો અનોખો વિરોધ સાથે હલ્લાબોલ

આજ રોજ ભરૂચ નગરપાલિકા ના વિપક્ષના સભ્યો દ્વારા શહેરમાં મેલરીયા તથા ડેંગ્યુના વધતા જતા કેશનો કારણે પાલિકા પાસે ફોગીગ મશીનો હાજર હોવા છતાં પાલિકા દ્વારા શાહરેમાં એનો ઉપયોગ નહિ કરવામાં આવતા વિપક્ષ દ્વારા અનોખી રીતે વિરોધ કરવામાં આવ્યો હતો.

ભરૂચ નગરપાલિકાના વિપક્ષના નેતા શમશાદ અલી સૈયદ અને સભ્યો દ્વારા એવા આક્ષેપો કરવામાં આવ્યા છે કે,પાલિકાના વિસ્તારોમાં હાલમાં મચ્છરોના ત્રાસના કારણે ડેંગ્યુ અને મેલરીયા જેવા રોગોએ માથું ઊંચક્યું છે.જેના કારણે લોકો ઘણાજ હેરાન પરેશાન થઈ રહ્યા છે.ત્યારે પાલિકા પાસે ફોગીગ મશીન હોવા છતાં પણ તેનો ઉપયોગ કરવામાં નથી આવતો હોવાથી મશીનો શોભના ગાંઠિયા સમાન સાબિત થઈ રહયા છે.

વિપક્ષના સભ્યોએ મોટી સંખ્યામાં હજાર થઈને આજે સવારે તગારામાં આગ સળગાવી લીમડાના પાન નાખી ધુમાડો કરી મચ્છર ભગાડવાનો અને નગરપાલિકાના સાશક પક્ષના લોકોને જગાડવાનો અનોખો વિરોધ કરવામાં આવ્યો હતો.

પરંતુ પરિસ્થિતિ વાકેફ સાશક પક્ષ દવરા પોલીસ બંદોબસ્ત બોલાવી લીધો હોય વિપક્ષ અને પોલીસ વચ્ચે એક સમયે ધુમાડો ઓફિસમાં લાવવા બાબતે ખેંચતાણના દ્રશ્યો સર્જાયા હતા.

વિપક્ષના નેતાએ જણાવ્યુ હતુ કે જો હજુ પાલિકા દવરા ફોગીગ મશીન ભરૂચના વિસ્તારઓમાં નહી ફેરવવામાં આવે તો આવનારા સમયમાં જલદ કાર્યક્રમ આપવાની ચીમકી ઉચ્ચારી હતી.

ભરૂચ ખાતે જિલ્લા યુથ કોંગ્રેસના કાર્યકરોએ

નાણાંમંત્રીના અરુણ જેટલીના રાજીનામાંની માંગ સાથે વિરોધ પ્રદર્શન



ભારતના નાણા મંત્રી અરુણ જેટલીની પુત્રી અને જમાઈ દ્વારા ભારત દેશના કરોડો રુપિયાનું ફુલેકુ ફેરવી ભાગી જનારા કૌભાંડી અને ભાગેડુ મેહુલ ચોકસીનો કેશ લડી એમના કેસની રકમના લાખો રૂપિયા મેહુલ ચોકસીએ જમા કરવામાં આવ્યા હોવાની વિગતો સપાટી ઉપર આવી છે.જેના કારણે રાજકારણ ગરમાયુ છે. દેશભરમાં ચર્ચાએ જોર પકડ્યું છે.અરુણ જેટલીના સગાઓનો સીધો સબંધ હોવાના આક્ષેપ સાથે કોંગ્રેસે વિરોધ પ્રદર્શનો શરૂ કરી નાણાં મંત્રીના રાજીનામાની માંગ કરવામાં આવી છે.

ભાજપા સરકાર દ્વારા ભ્રષ્ટાચાર અને કાળા નાંણા પરત લાવવાની મોટી મોટી ગુલબંગો હાંકીને સતા મેળવી છે. ત્યારે દેશ પ્રજા સાથે છેતરપીંડી થઈ રહી હોવાનાં આક્ષેપ સાથે ભરૂચ જિલ્લા કોંગ્રેસનાં કાર્યકરો વિરોધ પ્રદર્શન કરી રસ્તા ઉપર ઉતરી આવ્યા હતા.

ભરૂચ રેલવે સ્ટેશન નજીક બપોરનાં સમયે વિરોધ પ્રદર્શન કરી અરુણ જેટલીના પૂતળાનું દહન કરવા જતાં કાર્યકરો અને પોલીસ વચ્ચે ઘર્ષણ સાથે પૂતળાની ખેંચા ખેંચીના દ્રશ્યો સર્જાય હતાં. કાર્યક્રમમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પરિમલસિંહ રણા, યુથ કોંગ્રેસ પ્રમુખ શેરખાન પઠાણ,શહેર પ્રમુખ વિક્કી શોખી, નગરપાલિકા વિપક્ષ નેતા શમશાદ અલી સૈયદ, પાલિકા સભ્ય હમેન્દ્ર કોઠીવાલા, જિલ્લા પંચાયત સભ્ય સકીલ અકકુજી,સહિત કોંગ્રેસનાં હોદેદારો અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

કેન્દ્ર સરકારે મગફળીના ટેકાના ભાવ કર્યા જાહેર, ૧૫ નવેમ્બરથી ૧૦૦૦ રૂપિયા પ્રતિ મણ

ગાંધીનગરઃ મગફળીના ઉત્પાદનને લઈને કેન્દ્ર સરકારે મહત્વનો નિર્ણય લીધો છે. કેન્દ્ર સરકારની મદદથી રાજય સરકાર મગફળીની ટેકાના ભાવે ખરીદી કરવાનો નિર્ણય કર્યો છે. રાજયના કૃષિમંત્રી આર.સી.ફળદુ અને અન્ન નાગરિક પુરવઠા મંત્રી જયેશ રાદડીયા દ્વારા પ્રેસ કોન્ફરન્સ યોજવામાં આવી હતી.

જેમાં આર.સી.ફળદુએ જણાવ્યું કે, કેન્દ્ર સરકારે મગફળીના ટેકાના ભાવ જાહેર કર્યા છે. રૂ.૪૮૯૦ પ્રતિ ક્વીન્ટન ભાવ જાહેર કરવામાં આવ્યા છે. વર્ષ ૨૦૧૮-૧૯ના વર્ષ માટે ટેકાના ભાવ જાહેર કરાયા છે. પ્રતિ ક્વીન્ટલ રૂ.૧૧૫નો વધારો કરાયો છે.

મહત્વનું છે કે, મગફળીના ટેકાના ભાવે એક મણે ૨૩ રૂપિયા વધ્યા છે. પ્રતિ ક્વીન્ટલ રૂ.૧૧૦ ભાવ રાજ્ય સરકારનું બોનસ રહેશે. રાજય સરકારના બોનસ સાથે પ્રતિ ક્વીન્ટલ રૂ.૫ હજારથી ખરીદી કરાશે. અગાઉ મણના ૯૭૮ હતા જે હવે વધીને ૧૦૦૧ રૂપિયા થયા છે.

નાફેડ વતી રાજયની નોડલ એજન્સી દ્વારા ખરીદી કરાશે. ક્વીન્ટલ દીઠ ૧૧૫ની મણમાં ૨૩ રૂપિયાની અસર. ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ મગફળીની ખરીદી કરશે. ૧ નવેમ્બરથી ૩૦ નવેમ્બર સુધી ખેડૂતો ઓનલાઈન નોંધણી કરાવી શકશે. ગ્રામ્ય કક્ષાએ ઈ-ગ્રામ કેન્દ્રમાં નોંધણી કરાવી શકાશે. નોંધણી સમયે ૭/૧૨ અને ૮-અ નકલ જોડવાની રહેશે. ૧૨૨ કેન્દ્રો પરથી ખરીદી કરવામાં આવશે. છઁસ્ઝ ખાતે ખરીદ કેન્દ્રો ઉભા કરાશે. સરેરાશ ઉત્પાદકતાને આધારે નિયત ગુણવત્તાવાળી મગફળીની ખરીદી કરાશે.

જોકે, ખરીદ પ્રક્રિયા ઝઝ્રફ કેમેરા ગોઠવવામાં આવશે. ખરીદ પ્રક્રિયાનું CCTV ફૂટેજ સંગ્રહીત રખાશે. ફ્લાઈન્ગ સ્કવોડ દ્વારા સમયાંતરે ચકાસણી હાથ ધરાશે. ૨૬.૯૫ લાખ મેટ્રીક ટન ઉત્પાદનની શકયતા છે. પ્રતિ ખેડૂત વધુમાં વધુ બે હેક્ટરની મર્યાદામાં ટેકાના ભાવે ખરીદી કરાશે. ૧૫ નવેમ્બર બાદ ખરીદીની શરૂઆત કરાશે. હેક્ટર દીઠ ઉત્પાદકતા અંદાજે ૧૮૩૬ કિલો. ટેગ સાથેના બારદનનો ઉપયોગ કરવામાં આવશે. ૧૦૦૦ રૂપિયા પ્રતિ મણના ભાવે મગફળીની ખરીદી કરાશે.

ભરૂચમાં નિવૃત્ત ટ્રેઝરર કરાર પર નોકરીએ લીધા અને ૪ હજારની લાંચ લેતાં ઝડપાયાં

ભરૂચની પીડબલ્યુડીની કચેરીમાં નિવૃત્તિ કરાર આધારીત ડ્રાફ્ટમેન (ટ્રેઝર૨)ની ફરજ બજાવતાં એક શખ્સે વિલાયતના એક વ્યક્તિની એનએની ફાઈલના મામલે ૫ હજારની લાંચ માંગી હતી. વિલાયતની વ્યક્તિએ ભરૂચ લાંચ રૂશ્વત વિરોધી શાખામાં ફરિયાદ કરતાં ટીમે આજે છટકું ગોઠવ્યું હતું. પીડબલ્યુડીના ડ્રાફ્ટમેને લાંચના ૪ હજાર રૂપિયા સ્વિકારતાં એસીબીની ટીમે તેમને ઝડપી પાડી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી અનુસાર, વાગરા તાલુકાના વિલાયત ગામે રહેતાં એક શખ્સે કલેક્ટર કચેરીએ અરજી કરી હતી. દરમિયાન કલેક્ટર કચેરીમાંથી તે ફાઈલ અભિપ્રાય અર્થે પીડબલ્યુડીની કચેરીએ પહોંચી હતી. દરમિયાન પીડબલ્યુડીની કચેરીમાં નિવૃત્તી બાદ કરાર આધારિત ટ્રેસર૨ની પોસ્ટ પર ફરજ બજાવી રહેલાં પુષ્પવદન જાદવ (રહે. માંગલ્ય સોસાયટી, ચાવજ)પાસે ફાઈલ પહોંચતાં તેમણે ફાઈલનો રીપોર્ટ તૈયાર કર્યા બાદ અરજદારને ફોન કરી સંપર્ક કર્યો હતો. તેમજ તેમને રૂબરૂમાં બોલાવતાં તેઓ કચેરીએ આવ્યાં હતાં. ત્યારે પુષ્પવદન જાદવે તેમને સર્ટીફિકેટ માટે વહિવટ કરવાનું જણાવી પાંચ આંગળીના ઇશારે ૫ હજાર રૂપિયાની માંગણી કરી હતી. જોકે અરજદારે જે તે સમયે તેમની પાસે રૂપિયા ન હોવાનું જણાવતાં તેણે બાદમાં રૂપિયા આપી જવાનું જણાવ્યું હતું.જે બાદ અરજદારે સમગ્ર મામલામાં ભરૂચ એસીબી કચેરીમાં પીએસઆઇ આર. એમ. રાઠવાને ફરિયાદ કરતાં પોલીસે તેમની ફરિયાદના આધારે આજે છટકું ગોઠવ્યું હતું. જેના ભાગરૂપે અરજદારે પીડબલ્યુડીની કચેરીએ પહોંચતાં પુષ્પવદન જાદવે તેમના ટેબલના ડાબા ખાનામાં લાંચના ૪ હજાર રૂપિયા મુકાવ્યાં હતાં. દરમિયાન એસીબીની ટીમે ત્રાટકી આરોપીને રંગે હાથે ઝડપી પાડી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

ભરૂચની PWDની કચેરીમાં ટ્રેસર૨ તરીકે ફરજ બજાવતાં પુષ્પવદન જાદવ ગત વર્ષે ૩૧મી મેના રોજ નિવૃત્ત થયાં હતાં. જે બાદ તેઓ શક્તિ એન્ટરપ્રાઈઝ એજન્સી હેઠળ કરાર પર તે જ સ્થાને પુનઃ ડિસેમ્બરની કાર્યરત થયાં હતાં. તેમજ એનએની ફાઈલોના અભિપ્રાય સહિતની કામગીરી તેઓ કરતાં હતાં.

મોરબીના રવાપર ગામ નજીક કામ કરતો શ્રમિક ઉંચાઈથી પટકાતા મોત

રવાપર ગામ નજીક ચાલતા બાંધકામમાં કામ કરતા શ્રમિક ઉંચાઈથી નીચે પટકાતા યુવાનને ગંભીર ઈજા પહોંચી હતી અને રાજકોટ સારવાર માટે ખસેડાયો હતો જોકે સારવાર કારગત નીવડે તે પૂર્વે જ તેનું મોત નીપજ્યું છે

મોરબીના રવાપર ગામ નજીક રહીને મજુરી કરતા મહેશ બચુભાઈ માવી (ઉ.વ.૧૯) નામનો શ્રમિક રવાપર ગામ પાસે પ્રમુખ રેસીડન્સીના લાર્ક એપાર્ટમેન્ટમાં નવા બાંધકામમાં કામ કરતો હોય ત્યારે દસકે ફૂટથી પડી જતા શરીરે ઈજા પહોંચતા રાજકોટની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવેલ જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું છે.

રાણપુરમાં સરકારી દવાખાના પાસે આવેલ એકમાત્ર અબોલ પશુ માટેનો અવાડો સાફ કરો

બોટાદ જીલ્લાના રાણપુર શહેરની મધ્યમાં આવેલો એકમાત્ર અબોલ પશુ માટેનો અવાડોછેલ્લા કેટલાય સમય થી ખરાબ હાલતમાં છે અવાડો જમીનની બરાબર થઈ ગયો છે અબોલ પશુ પોતાની તરસ છીપાવવા માટે જ્યારે અવાડા પાસે જાય તો તેમા દુર્ગંધ મારતુ પાણી અને ધુળ કચરો જ હોય છે અને અબોલ પશુઓને વિલા મોઢે નિહાકો નાખીને તરસ્યુ પાછા ફરવુ પડે છે અગાઉ પણ આ બાબતે અનેક વખત રાણપુર ના યુવા પત્રકાર વિપુલ લુહાર દ્વારા નવા અવાડા માટે રજુઆતો કરવામાં આવી હતી પણ રાણપુર ગ્રામ પંચાયત દ્વારા અવાડા માટે કંઈજ કરવામાં ન આવ્યુ ત્યારે આજે ફરી એક વખત રાણપુર ના જાગૃત નાગરીક મહેશભાઈ ભીખાભાઈ ઘાઘરેટીયા દ્વારા રાણપુર ગ્રામ પંચાયત ને રજુઆત કરવામાં આવી છે કે સરકારી દવાખાના પાસે આવેલ એકમાત્ર અબોલ પશુ માટેનો પાણીનો અવાડો માં તાત્કાલિક સાફસફાઈ કરવામાં આવે અને અવાડાની જગ્યાના દબાણો દુર કરવામાં આવે અબોલ પશુઓ જ્યારે અવાડે પાણી પીવા માટે જાય છે ત્યારે આ દબાણો પશુઓને પાણી પીવા માટે નડતા હોય છે આ અંગે રાણપુરના જાગૃત નાગરીક મહેશભાઈ ભીખાભાઈ ઘાઘરેટીયા સાથે વાત કરતા તેમણે જણાવ્યુ હતુ કે જો આગામી દિવસો માં રાણપુર ગ્રામ પંચાયત દ્વારા અવાડો સાફ કરવામાં નહી આવે અને અવાડાની જગ્યામાં રહેલા દબાણો તાત્કાલિક દુર કરવામાં આવે નહી તો રાણપુર ગ્રામ પંચાયત સામે ઉપવાસ ઉપર બેસવામાં આવશે.

રાજપીપળા સ્ટેશન રોડ પર રોજ ઉભરાતા ગટરના ગંદા

પાણી માટે અમુક દુકાનદારો જવાબદાર..?! રોગચાળો ફાટે તો કોણ જવાદાર ..?!

પાલિકા કર્મચારીઓ સફાઈ કરી ગયા બાદ આખો દિવસ દુકાનનો કચરો ગટરમાં નાખતા દુકાનદારોને નોટિસ આપી કડક પગલાં લેવા માંગ

નજીકમાં જ મીઠાઈ ફરસાણ સહીતની દુકાનો હોય ગ્રાહકો અને દુકાનદારો માટે ગટરનું પાણી જોખમરૂપ





રાજપીપળા: રાજપીપળા શહેર ના સ્ટેશન રોડ ખાટકી વાડ નીચે આવેલી દુકાનો ાસે ઘણા લાંબા સમય થી ગટર નું ગું પાણી ઉભરાઈ ને માર્ગ પર ફરી વળતા દુકાનદારો સહીત ત્યાં આવતા ગ્રાહકો માટે જોખમરૂપ સાબિત થઈ રહ્યું છે ત્યારે રોજ પાલિકા કર્મચારી દ્વારા નિયમિત સફાઈ તો થતી હોવાનું અમુક દુકાનદારો એ જણાવ્યું હતું પરંતુ કેટલાક દુકાન ના કર્મચારીઓ દ્વારા દુકાનો નો બધો કચરો સાંજ પડે ગટરમાં જ પધરાવતા રોજ સવારે ગટર ચોકઅપ થતા ગંદુ કાળું પાણી બહાર આવે છે જેના કારણે રોગચાળો ફાટે એવો ભય સ્થાનિક લોકો માં જોવા મળી રહ્યો છે

એક તરફ નગર પાલિકા ના સફાઈ કામદારો નિયમિત સફાઈ કરે છે તેની સામે કેટલાક દુકાનદારો કે જે ત્યાં ફક્ત દુકાન ધરાવતા હોય અને રાત્રે દુકાન બંધ કરી એમના નિવાસસ્થાને જતા હોય ત્યારે દુકાન ના વિસ્તાર ના થતી ગંદકી બાબતે એ બિન્દાસ થઈ દુકાન નો બધો કચરો ગટરો માં નાખતા પોતાના કર્મચારીઓ ને અટકાવતા પણ નથી ત્યારે આવા દુકાનદારો ને પાલિકા એ ડંફા દંડ ફટકારી નોટિસ આપી કડક પગલાં લેવા જોઈએ એવી જાગૃત સ્થાનિકો ની માંગ છે માટે જેતે વોર્ડ ના સભ્ય એ પણ આ બાબતે જાગૃત થઈ આવા ગંદકી કરતા તત્વો સામે કડક પગલાં લેવાય એ માટે પાલિકા સત્તાધીશો ને એક યાદી બનાવી જરૂરી કાર્યવાહી કર્યા બાદ દંડ વસુલવામાં મદદરૂપ થવું જોઈએ ત્યારેજ ગંદકી દૂર થશે .

ભરૂચ હાઈવે પર આવેલ સરદાર બ્રિજની રેલિંગ ધરાસાઈ થતા વાહન વ્યવહાર બંધ કરાયો





ભરૂચમાં નર્મદા નદી ઉપર આવેલ સરદાર બ્રિજની રેલિંગ ગતરાત્રી ના અચાનક ધરાસાઈ થઈ જતાં વાહન ચાલકોમાં ભય ફેલાઈ ગયો હતો.હાઈવે ઓથોરિટીએ તાત્કાલિક બ્રિજને બંધ કરાવી યોગ્ય કાર્યવાહી હાથ ધરી છે.


ભરૂચ નર્મદા નદી ઉપર આવેલ જૂનો સરદાર બ્રિજ ખખડધજ બનતા સરકાર દ્વારા તેની બાજુમાં એક અન્ય બ્રિજ બનાવવામાં આવ્યો હતો.ત્યાર બાદ નાના વાહન ચાલકો આ બ્રિજનો ઉપયોગ કરતા હતાં.પરંતુ નેશનલ હાઈવે પરનો ટ્રાફિક છેલ્લા ત્રણ ચાર વર્ષોથી ખોરવાયો હોવાના કારણે હજારો વાહન ચાલકો હેરાન થતા હતા.જેના કારણે કેન્દ્ર સરકાર દ્વારા કેબલ બ્રિજનું નિર્માણ કરવામાં આવ્યું હતું.

સરદાર બ્રિજ બિસ્માર બનતા હાઈવે ઓથોરિટીએ બ્રિજની પણ મરમ્મત કરી વાહન વ્યવહાર ચાલુ રખાયો હતો. બ્રિજ ઘણોજ જૂનો હોવાના કારણે તેની હાલત ખુબ જ ખરાબ થઈ ગઈ છે.ત્યારે ગતરાત્રીના બ્રિજની ૨૦ ફૂટ. જેટલી લાંબી રેલિંગ તૂટી નીચે પડતા ઉપર થી પસાર થતા વાહન ચાલકોમાં ભય ફેલાઈ ગયો હતો.

બનાવની જાણ હાઈવે ઓથોરિટી સહિત અધિકારીઓએ બ્રિજ પર દોડી આવીને તાત્કાલિક બ્રિજ પરથી અવર જવર કરતાં વાહનો ને બેરેક મૂકીને બંધ કરવામાં આવ્યા હતાં. જ્યાં સુધી બ્રિજની સંપૂર્ણ મરમ્મત કરવામાં નહી આવે ત્યાં સુધી બ્રિજ ચાલુ કરવામાં આવશે નહી.

નર્મદા જિલ્લામાં ધોરણ દસના સામાજિક વિજ્ઞાનના પેપરમાં છબરડા દેખાતા શિક્ષકો અને બાળકો અટવાયા

જોકે જે તે શાળા સંચાલકોની નજર પડતા અમુક સુધારા કર્યા બાદ બાળકોની મૂંઝવણ દૂર થઈ પરંતુ સમય જરૂર બગડ્યો



અલગ અલગ શિક્ષકો પાસેથી તૈયાર થયેલા પેપરોમાં ક્યારેક આવી ભૂલ થઈ શકે છે : પરીક્ષા સમિતિ પ્રમુખ

રાજપીપળા : હાલ ચાલી રહેલી પ્રથમ શત્ર ની પરીક્ષા માં નર્મદા જિલ્લા ના વડા મથક રાજપીપળા ખાતે આજે ધોરણ દસ ના સામાજિક વિજ્ઞાન ના પેપર માં પરીક્ષા સમિતિ ના છબરડા જોવા મળતા પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓ અને શિક્ષકો અટવાયા હતા જેમાં ઓ એમ આર શીટ માં પુછાયેલા પ્રશ્નો માં અમુક પ્રશ્નો કે જે હજુ સ્કૂ માં ચાલ્યા જ નથી અને આવતા મહિને ચલાવવાના હોય એ સવાલો પુછાતા બાળકો માથું ખંજવાળતા થયા બાદ શાળા સંચાલકો ને જાણ થતા શિક્ષકો એ માટે મદદ કર્યા બાદ બાળકો ની તકલીફ દૂર થઈ હતી જોકે આ બધી બાબતે મૂંઝવણ દૂર કરવામાં થોડો સમય જરૂર વેડફાયો હતો જેથી પરીક્ષા આપવા બેઠેલા બાળકો માં સમય મર્યાદાનું ટેન્શન જરૂર જોવા મળ્યું હતું

જાણવા મળ્યા મુજબ ભરૂચ નર્મદા પરીક્ષા સમિતિ દ્વારા આ તમામ પેપરો કાઢવામાં આવતા હોય છે ત્યારે જે કોર્ષ હજુ ચળ્યોજ નથી એના સવાલો કઈ રીતે પુછાયા અને આ પ્રશ્નપત્ર કોને કાઢ્યું એ બાબત બાળકો અને શાળા ના સંચાલકો માં ચર્ચા માં રહી હતી.

પરીક્ષા સમિતિ ના પ્રમુખ પરેશ દોશી એ આ માટે જણાવ્યું કે હું છેલ્લા પાંચ વર્ષ થી પરીક્ષા ની કામગીરી સાંભળું છું પરંતુ આવું ક્યારેય બન્યું નથી એક પરીક્ષા ના અલગ અલગ ધોરણ ના ૪૬ પેપરો મારે જોવાના હોય છે અને જે તે વિષય ના શિક્ષકો આ પેપરો કાઢતા હોય ક્યારેક ચલાવવાના બાકી પ્રશ્નો પણ પેપર માં લખી દેતા હોવાથી આમ બને છે પરંતુ હવે હું ધ્યાન રાખી સૂચના આપીશ.

અંકલેશ્વરની આમલખાડીમાં મગર દેખાતા આસપાસના લોકોમાં ભયનો માહોલ સર્જાયો



અંકલેશ્વર

અંકલેશ્વરના આંબોલી રોડ પાસે આવેલ CISF કેમ્પની પાછળથી પસાર થતી આમલખાડીમાં છેલ્લા કેટલાક દિવસોથી મગર દેખાય છે અને તેના લીધે આસ પાસ વસતા લોકો માં અને ખાસ તો ત્યાં ઢોરો ચરાવવા વાળા કે જેમના ઢોરો ખાડી માં પાણી પીવા ઉતરે છે તેમના માં ભય નો માહોલ સર્જાયો છે.

આ બાબત ની ફરિયાદ પ્રકૃતિ સુરક્ષા મંડળ ને કરતા પ્રકૃતિ સુરક્ષા મંડળ દ્વારા જંગલ ખાતા ના અધિકારી ગાંધી ને કરતા તેમણે તેમની ટિમ ને તપાસ અને કાર્યવાહી અર્થે રવાના કરી છે.

ભૂતકાળ માં પણ આજ ખાડી માં આજ સ્થળે મગર દેખાયો હતો અને ફરી વાર મગર દેખાયોછે. જંગલ ખાતા માટે તકલીફ એ છે કે તેઓ દ્વારા મગર ને પકડવા માટે પાંજરૂ મુકવામાં આવતા લોકો ચોરી કરી જાય છે અને ખાડી પરથી અત્યાર સુધી માં ત્રણ પાંજરા લોકો ચોરી ગયા છે.

નર્મદા અસરગ્રસ્તોના ૧૩ ગામોના ૧૭૮ કુટુંબોને જમીન સામે જમીન, પુખ્ત વયના પુત્રો માટે ૫ લાખની રોજગાર સહાયની જાહેરાત

રાજપીપળા: સરોવર નર્મદા બંધમાં ડૂબમાં ગયેલ ૧૯ ગામોના લોકોને તો સરકારે વિવિધ વસાહતોમાં સમાવી લીધા પણ જે બંધની આગળ આવતા ૬ ગામો કેવડિયા, વાગડીયા, નવાગામ, લીમડી, ગોરા, કોઠી આ ગામના લોકો વર્ષોથી સહાય માટે અનેક માંગણીઓ કરી ઉપવાસ આંદોલન કર્યા હતા. પરંતુ સ્ટેચ્યુ ઓફ યુનિટીના લોકાર્પણ પેહલા આ ગામના લોકોને રાહત પેકેજ સરકારે જાહેર કરી દિવાળીની ભેટ આપી છે. આ સાથે વિયર કમ કોઝવેમાં જમીનો ગઈ હતી ઈન્દ્રવર્ણા, નાના પીપરિયા, મોટા પીપરિયા, વસંતપુરા, ગભાણા, વાગડીયા, કેવડિયા આ ૭ ગામો મલી કુલ ૧૩ ગામોના ૧૭૮ પરિવારોની જમીનો સામે જમીનો અથવા હેકટર દીઠ ૭.૫૦ લાખ અને રહેણાંકના પ્લોટ સામે પ્લોટ અને આ ૧૭૮ પરિવારોના શિક્ષિત અને યુવાનો માટે ધંધો રોજગાર માટે ૫ લાખ રૂપિયા રોકડા,ઘરવખરી અને અન્ય માલસામાન ખસેડવા પરિવહન ખર્ચ, આપવાની જાહેરાત કરી છે.જેથી આ ૧૩ ગામના લોકોમાં હર્ષની લાગણી છવાઈ છે.આ ૧૩ ગામના લોકોની મોટાભાગની ખેતીની જમીન ડૂબમાં જતી હતી એમને આ લાભો મળ્યા છે. નર્મદા અસરગ્રસ્તોને ૧૯૬૨માં સંપાદિત થયેલી જમીનના બદલામાં ૫૮ વર્ષે સહાય મળશે.રસ્તા પૈકીની જગ્યાના અસરગ્રસ્તોને નાંદોદ તાલુકાના વાગડીયા વાઘોડિયા ગામે વસાવવામાં આવશે સાથે સાથે ૧૨૦૦ એકર ખેતીની જમીનો કરજણ યોજના અને નર્મદા યોજનાના કમાન્ડ એરિયામાં અપાશે. આ તમામ માહિતી નર્મદા જિલ્લા કલેકટર આર.એસ.નિનામાએ કેવડિયા ખાતે ોટાઉદેપુર સાંસદ રામસિંગભાઈ રાઠવા,જિલ્લા પોલીસ વડા મહેન્દ્ર બગડીયા,માજી મંત્રી શબ્દશરણ તડવી અને અસરગ્રસ્તોના પ્રતિનિધિઓ હાજરીમાં આપી હતી.અત્રો એ ઉલ્લેખનીય છે કે આ તમામ માંગણીઓ અંગે સોમવારે મોડી રાત્રે મુખ્યમંત્રીની હાજરીમાં ગાંધીનગર ખાતે બેઠક યોજાઈ હતી દરમિયાન આ ફોર્મ્યુલા નક્કી કરાઈ હતી.

તો આ મામલે બેઠકમાં હાજર નર્મદા બંધ અસરગ્રસ્ત સમાજ સેવા મંડળ પ્રમુખ જીકુ તડવીએ જણાવ્યું હતું કે અમે વિકાસ માટે જમીનો આપી છે તો વિકાસ થવો જ જોઈએ. સ્ટેચ્યુ ઓફ યુનિટી યોજનાની શરૂઆતમાં વિરોધ કેમ કોઈએ ન કર્યો અને હવે ૧ વર્ષ બાદ ૧૮૨ મીટર ઊંચી પ્રતિમા બની ગઈ ત્યારે જ વિરોધ શા માટે.નર્મદા અસરગ્રસ્ત વસાહતોના સંગઠનને કોઈનો વિરોધ નથી,પૂતળા બાળવાથી લાભ નથી મળવાના. કેટલાક લોકો ગાંધીજીના માર્ગનું નામ વટાવે છે. ૩૧મી ઓક્ટોબરના સ્ટેચ્યુ ઓફ યુનિટીના વિરોધમાં અમે નથી જોડાવાના અમે બંધનું એલાન નથી આપ્યું,જે અમુક લોકો અમારા સંગઠન માંથી નીકળી ગયા છે એ લોકો જ વિરોધ કરે છે.થોડા લોકો પોતાનો રાજકીય રોટલો શેકવા અમારા અમુક આગેવાનોને ખભે બંદૂક મૂકે છે,ભલે સરકારે અમારી માંગણીઓ થોડી મોડી સ્વીકારી પણ અમને સરકારની આ ફોર્મ્યુલાથી સંતોષ છે.

સ્ટેચ્યુ ઓફ યુનિટી લોકાર્પણ પહેલા ગુજરાત સરકારે ૧૩ ગામના અસરગ્રસ્તોને આપ્યું રાહત પેકેજ, ૧૯૬૨માં ગયેલી જમીનોની સહાય ૫૮ વર્ષે સહાય મળશે

ભરૂચ જિલ્લા પેરોલ ફર્લો સ્કવોડે દેશી દારૂ ઝડપી સ્થાનિક પોલીસને દોડતી કરી

ભરૂચ જિલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા દ્વારા પોહીબિશન અને મિલકત સંબંધી ગુન્હા શોધી કાઢવાની બાબતે કડક વલણ અપનાવતા જિલ્લા પોલીસ એલર્ટ બની ગઈ છે. આજરોજ સવારના દશ ના સુમારે પેરોલ ફર્લો સ્કવોડ ચેકીંગમાં હતી તે દરમ્યાન ઝાડેશ્વર ચોકડી પરથી ઝઘડિયા તાલુકા ના માલપુર ગામના સરપંચ ફળીયા ના સુનિલ સુકાભાઈ વસાવા ની માલિકી ની સફેદ રંગ ની ઈકો કાર નંબર જ્ન૧૬/મ્દ્ધ ૮૫૫૪ નું ચેકીંગ કરતા રૂપિયા ૪૫૦૦ નો દેશી દારૂ અને દોઢ લાખ ની ગાડી એમ કુલ મળી ૧૫૪૦૦૦/-નો મુદ્દામાલ અને આરોપી પકડી સી ડીવી.ને સોંપવામાં આવ્યો હતો આગળ ની તપાસ સી ડીવી.પોલીસ કરશે ત્યારે ઉલ્લેખનીય છે કે પકડાયેલ દેશી દારૂ ની ડિલિવરી પણ ભરૂચ શહેર સી ડીવી. પો.સ્ટે.ની હદમાં દારૂ વેચતી બે મહિલા બુટલેગર નેજ આપવાનો હતો એનો મતલબ એ થયો કે સી.ડીવી.નું સર્વેલન્સ કાચું પડ્યું અથવા તેની રહેમ નજર થી સી ડીવી.માં દેશી દારૂ ની હાટડી ચાલતી હતી ત્યારે જોવાનું એ રહે છે કે દારૂ ઈંગ્લિશ હોય કે દેશી પોલીસ માટે સરખો જ ગણાય તો એવી પણ શંકા સેવાઈ રહી છે કે કડક ડીએસપી સી ડીવી.ના ડી સ્ટાફ પર ગાજ વરસાવે તો નવાઈ નહી.

ઉપરોક્ત કામગીરી પેરોલ ફર્લો પીએસઆઈ જે વાય પઠાણ અને તેમની ટિમે કરી હતી.

ભરૂચ અને વડોદરા જિલ્લાના પ્રોહીબેશનના કેસમાં નાસતા ફરતા આરોપીને પેરોલ ફર્લો સ્કોડે ઝડપી પાડ્યો

ભરૂચ જિલ્લા પેરોલ ફર્લો સ્કોડે બાતમીના આધારે ભરૂચ અને વડોદરા જિલ્લામાં પ્રોહીબેશનના ગુનાઓમાં નાસતો ફરતો આરોપીને ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે.

ભરૂચ જિલ્લાના નવા એસપી રાજેન્દ્રસિંહ ચુડાસમના માર્ગદર્શન હેઠળ પેરોલ ફર્લો સ્કોડ જિલ્લામાં સારી કામગીરી બજાવી રહી છે.ત્યારે ભરૂચ એ ડિવિઝન પોલીસ સ્ટેશનના વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા ત્યારે બાતમીના મળી હતી કે,ભરૂચ સી ડિવિઝન, હાલોલ ટાઉન પોલીસ સ્ટેશન, તથા વડોદરા તાલુકા પોલીસ સ્ટેશનના પ્રોહિબેશનના ગુનામાં નાસતો ફરતો આરોપી રાજુ ઉર્ફે રાજુભાઈ રસોઈયો ધીરુભાઈ રાવળ,રહે સમની,સરકારી દવાખાના પાસે, આમોદ હાલ રહે વ્રજવિહાર સોસાયટી ભોલાવ, ભરૂચનો ભરૂચ સીટી વિસ્તારમાંથી પેરોલ ફર્લો સ્કોડે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે એક સમયે ભરૂચ માં આ રાજુ રસોઈયા નું નામ હતું પણ જુગાર રમવાની લત ને કારણે કહેવાય છે કે દેવા માં ડૂબેલા રાજુએ ગુન્હાખોરી ના રસ્તે ચડી રાજુ રસોઈયા માંથી રાજુ બુટલેગર બની ગયો ને આખરે નાસ્તો ફરતો ગુન્હેગાર પોલીસ ના લાંબા હાથે ઝડપસી ગયો જે જુગાર રમનારાઓ માટે લાલ બત્તી સમાન છે.